**Cr.M.A No.** 305/2023

GJAR030018122023

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૫/૦૭/૨૦૨૧ |
| દાખલ તારીખ | ૧૫/૦૭/૨૦૨૧ |
| નિકાલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| કુલ અવધિ | **વર્ષ–માસ–દિવસ** ૦૨– ૦૩– ૧૮ |

# મહે., જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ, તા. ભિલોડા, જીલ્લો – અરવલ્લી.

**ફો.પ.અ.નં. ૩૦૫/૨૦૨૩**
**આંક : –**

**અરજદાર : –** [redacted] ની પત્ની
તે, [redacted] દીકરી, ઉ.વ. પુખ્ત,
હાલ રહે. ભુતાવડ, તા. ભિલોડા. જી. અરવલ્લી.
ધંધો : નોકરી (ફીમેંળ સુપરવાઈઝર)
નોકરી સ્થળ : આરોગ્ય વિભાગ,
આધોઈ પી.એસ.સી સેન્ટર, તા. ભચાઉ, જી – કચ્છ.

***: : વિરૂધ્ધ : :***

**સામાવાળા : –** **૧. ધૂળજીભાઈ વાલજીભાઈ ડામોર,**
**ધંધો : નિવૃત્ત શિક્ષક, ધર્મો – હિંદુ, ઉ.વ. ૬૨**
**રહે. ધધાસણ, તા. ભિલોડા, જી. અરવલ્લી.**

**બાબત : –** **ધી પ્રોટેકશન ઓફ વુમન ફોર ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ – ૧૨ મુજબ.....**

**અરજદાર તરફે વિ.વ.શ્રી. પી.આર.ડામોર.**
**સામાવાળા તરફે વિ.વ.શ્રી. ડી.એલ.ગઢવી.**

## J U D G E M E N T
## :: ચુકાદો ::

**૧.** અરજદારની અરજીની તથા આંક : ૧૨ થી રજુ સર તપાસના સોગંદનામાની તથા તેઓના આવક, મિલકત, અને જવાબદારી, અંગે નું સોગંદનામું સાથે ઘરેલું હિંસા અંગે આંક : ૦૩ થી રજુ પ્રોટેક્શન ઓફીસસરશ્રીના રીપોર્ટમાં હકીકત એવી છે કે, અરજદાર

આ કામના સામાવાળા સાથે લગ્ન સને ૧૯૯૨ ની સાલમાં ગામ ભુતાવડ, તા.ભિલોડા, જિ.સાબરકાંઠા ની મારા પિતાના ઘરે સગા સંબંધીઓની હાજરીમાં સામાજિક વિધી થી કરેલા. જેથી સામાવાળા નં.૧ અરજદારના કાયદેસરના પતિ થાય છે. લગ્ન સમયે કરીયાવરમાં દર દાગીના, કપડા લત્તા યથાશક્તિ મુજબ આપેલ, જે તમામ કરીયાર તથા સરસામાન હાલ આ કામના સામાવાળા નં.૧ પાસે છે. આ કામના સામાવાળા તેમના કુટુંબીજનો સાથે તેમના સંયુક્ત કુટુંબમાં લગ્ન જીવનના હક્કો, ફરજો અદા કરવા સારૂ રહેવા લાગેલા. અને થોડા દિવસો રોકાઈ પોતાના પીયરમાં રેવા સારૂ ગયેલા, અને તે પછી વારે તહેવારે અમો અરજદાર આ કામના સામાવાળાને ત્યાં રેવા સારું આવતા જતાં હતા. અને તેમનું **લગ્ન જીવન આશરે ૨ વર્ષ જેટલું સારી રીતે ચાલવા પામેલું.** અરજદાર લગ્ન સમયે તેઓના પિતાએ કરીયાવરમાં રીત રિવાજ યથા શક્તિ દર દાગીના કપડાં લત્તા વાસણ કુષણ, રાચ-રચીલુ વગેરે આપેલ, જે લઈ અમો અરજદાર આ કામના સામાવાળાને ત્યાં લગ્ન જીવનના હક્કો, ફરજો અદા કરતાં રહેવા લાગેલા. આવું તમામ સ્ત્રી ધન સાહજિક રીતે આ કામના સામાવાળા નં.૧ ને સાચવવા માટે આપી દીધેલું. ત્યાર થી તેવું તમામ સ્ત્રી ધન આ કામના સામાવાળા નં.૧ ના કબજામાં છે.

૨. વધુમાં, અરજદારનું લગ્ન જીવન આશરે ૨ વર્ષ સારી રીતે ચાલ્યા બાદ આ કામના સામાવાળા એક યા બીજા બહાને અરજદારની શારિરીક તેમજ માનસિક ત્રાસ આપવા લાગેલા. આ કામના સામાવાળા નં.૧ અમો અરજદાર પર શંકા રાખી ઘરની બહાર નિકળવા દેતા હતા અને દિન-પ્રતિદિન અમો અરજદાર પર શંકા રાખી તેઓને સામાજીક પ્રસંગોએ પણ બહાર જવા દેવાનું ટાળતા હતા. તેમજ અમો અરજદાર સાજ શણગાર સજીને તૈયાર થાય તો અમો અરજદાર પર અનુચિત આક્ષેપો કરી ને માનસિક ત્રાસ આપવા લાગતા. આમ છતાં પોતાનું લગ્ન જીવન સુધરશે તેવી આશાએ આ કામના સામાવાળાનો આવો ત્રાસ સહન કરતા રહેલા. પરંતુ, સામાવાળાનો ત્રાસ વધતો જતો, જેથી ત્રાસ નહિ આપવા વિનંતી કરતા રહેલ પરંતુ, સામાવાળાના વાણી-વર્તન અને વ્યવહારમાં પરિવર્તન આવવાને બદલે દિન-પ્રતિદિન અમો અરજદાર ઉપર શક વહેમ રાખી તેઓને સારા કપડાં પહેરે તો પણ મહેણાં ટાંણાં મારતા અને કહેતા કે, અરજદરને સારાં કપડાં પહેરાવીશું નહીં એટલે એમ કહી માનસિક ત્રાસ આપતા. સને ૧૯૯૬ ની સાલમાં આધોઈ પી.એસ.સી. સેન્ટર, હાલરા આરોગ્ય વિભાગમાં એફ.એચ.ડબલ્યુ. માં નોકરીએ લાગેલા. ત્યારે, અરજદાર ત્યાં તેઓના ભાઈ સાથે

નોકરીના સ્થળે રહેવા માટે ગયેલા. જેથી સરકારી નોકરી મળતાં આ કામના સામાવાળાએ સારૂં લાગેલું નહીં. અને સામાવાળા નં.૧ પ્રાથમિક શિક્ષક તરીકે વાંકાનેર તાલુકામાં વિનેગર પ્રા.શાળામાં નોકરી કરતા હતા. તેઓ અરજદારને નોકરીમાં મોકલવાની બદલે નોકરી નહિ કરવાની ધમકીઓ આપતા હતા અને માનસિક ત્રાસ આપવા લાગેલા. **આ કામના સામાવાળા નં.૧ થી અરજદારના કુખે એક દિકરાનો જન્મ થયેલો. તેનો જન્મ તા.૩૧–૫–૧૯૯૪ ના રોજ થયેલો. જેનું નામ સાવન રાખેલ છે. જે હાલમાં સામાવાળા નં.૧ પાસે રહે છે.** આ કામના સામાવાળા નં.૧ તેઓની નોકરીના સ્થળે આવી અવર – નવર શારિરીક, માનસિક ત્રાસ આપવા લાગેલા. અને કહેવા લાગેલા કે તારે નોકરી કરવાની નથી. તું રખડવા માટે આવી છે. તુ મરજીની માલિક છે. તુ જેટલા રૂપિયા પગાર હોય તે બધો જ મને આપી દે તેમ કહી અવર નવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવા લાગેલા. વધુમાં કહેતા કે તુ જ્યારે સાસરીમાં આવીશ તો તને હું જાનથી મારી નાંખીશ. આ કામના સામાવાળા દ્વારા તેઓના કોઈ વાણી વર્તન કે વ્યવહારમાં પરિવર્તન આવેલું ન હતું. અને તેઓ તરફથી શારીરિક, માનસિક અત્યાચાર થતો હતો. આ કામના સામાવાળા દ્વારા કરવામાં આવતા વાણી, વર્તન અને વ્યવહારને પરિણામે અમો ફરિયાદી ઘણા જ ડર સાથે જીવી રહેલા હતા. અને તેના પરિણામે અમો ફરિયાદીની શારીરિક તેમજ માનસિક હાલત કથળતી ચાલેલી. **આવા સંજોગોમાં અમો અરજદારના પિતાને હકીકતની જાણ થતાં તેઓ અરજદારને તેઓના પિયર ખાતે રેવા લઈ આવેલા અને અમો જેથી અરજદાર હાલ પિયરમાં રહે છે. આ દરમ્યાન આ કામના સામાવાળા નં.૧ ની ધાક ધમકી ચાલુ રહેલી, જેથી અરજદારને તેઓના લગ્ન જીવનના હક્કો, ફરજો અદા કરવામાં તેઓની જીવનની સલામતી જણાતી ન હતી, જેથી અમો પિયર ખાતે જ રેવા લાગેલા.**

૩. વધુમાં, **આ કામના સામાવાળા તેઓના પિયરમાં જઈને અરજદારના માતા–પિતા સામે મા–બેન સામું ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી અરજદાર સાથે મારઝુડ કરવા લાગેલા. સામાવાળાએ હાથમાં સ્ટીલની પાણીની બોટલ લઈને ગયેલા જે અરજદારને માથાના ભાગે મારેલી, તેમજ ગડદા પાડુનો માર મારેલ. જેથી અરજદારને કમરના ભાગે તેમજ શરીરના અંદરના ભાગે લાત મારતા મણકાની ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ છે અને વધુમાં કહેતા કે આ બનાવ બાબતે કોઈને કહીશ તો તને જાનથી મારી નાંખીશ.** હાલ અરજદાર નાદુરસ્ત તબિયત ધરાવે છે. હાલ અરજદારને

લગ્ન જીવન ટકાવી રાખવું મુશ્કેલ હોઈ તેઓની જીંદગી બત્તર કરી નાંખેલ છે. સામાવાળા દ્વાર શારીરિક, માનસિક ત્રાસ આપી તેમજ દહેજની માંગણી કરી જાતિ વિરૂધ્ધ શબ્દોનું ઉચ્ચારણ કરી ગંદી ગાળો બોલે છે, સામાવાળા હાલ અરજદારના પિયરમાં પણ રહેવા દેવા માંગતા નથી, અને કહે છે કે, હું તને નોકરાણી તરીકે લાવ્યો છું. તું હલકી કુળની હોઇ હું તને રાખવા માંગતો નથી તું મારા ઘરમાં શોભતી નથી, ફક્ત તારે મને હું માંગુ તેટલા રૂપિયા જ આપવા પડશે. હાલ અરજદાર નિસહાય બનેલ છે હાલ સંપૂર્ણ રીતે બેડરેસ્ટ છું **અને હાલ નોકરી જઈ શકતા નથી કે કંઈ કામ કરી શકતા નથી, નિવૃત્તીના સમયમાં ફક્ત બે માસ જ બાકી છે.** તેમજ જીવન મરણ વચ્ચે જીવી રહેલ છે. અરજદારને કાઢી મુક્યા બાદ તેડી લઈ જાય તેવી કોઈજ શક્યતા દેખાતી નથી. તેમજ સામાવાળાએ અરજદારની કોઈ સાર સંભાળ, કોઇ દરકાર કરેલ નથી, અને આજીવીકાના સાધન તરીકે સરકારી નોકરી છે, હાલ તેઓના પિયરમાં તેઓના પિતાજી સાથે રહું છે, સામાવાળા અરજદારને કોઈ જ કપડાં લત્તા, દવાઓ, ભાડું વગેરેની જીવન જરૂરીયાત ચીજ વસ્તુઓ માટે કોઈજ વસ્તુ ની વ્યવસ્થા કરેલ નથી, સામાવાળા ધંધાસણ મુકામે રહે છે અને ખેતી કરીને વાર્ષિક ૩ લાખ જેટલી ચોખ્ખી આવક મેળવે છે. **તેમજ માસિક ૪૦ હજાર જેટલું પેન્શન મેળવે છે. અમો અરજદાર સિવાય સામાવાળાના શીરિ પોષણની કોઈ જ જવાબદારી નથી.**

૪. અરજદારણે હાલની અરજી કરી દાદ માંગેલ છે કે,

**૧.** આ કામના સામાવાળા ધંધાસણ મુકામે પાકુ પાબાવાળું મકાન બનાવી આપે જ્યાં અરજદાર રહી શકીએ, અથવા વિકલ્પે અમે જણાવીએ ત્યાં **ભાડેથી મકાન લઈ આપે તેવું ભાડાના રૂા. ૫૦૦૦/– પ્રતિ માસ અને ચૂકવી આપે તેવો હુકમ કરશોજી.**

**૨.** આ કામના સામાવાળા અમો અરજદાર ઉપર કૌટુંબિક હિંસાનું કોઇ કૃત્ય કરે નહીં અને **મિલકતથી અલગ કરે નહીં કે મિલકતનો ઉપભોગ કરતાં રોકે–રોકાવે નહીં કે અમો અરજદારને બીજા અવરોધો અંતરાયો કરે નહીં તેવો હુકમ કરવા મહે. કરશોજી.**

**૩.** અમો અરજદારને અમારા પિયર પક્ષ તરફથી **આપવામાં આવેલ સ્ત્રીધન સામાવાળા ઓ પાસે હોઈ અમને માનભેર પરત કરે તેવો હુકમ કરશોજી.**

**૪.** આ કામના સામાવાળા કૌટુંબિક ઘરેલું હિંસા આચરેલ હોઈ તેમજ બિભત્સ શબ્દો નું ઉચ્ચારણ કરી દહેજની માંગણી કરેલ. જે પ્રથમ દર્શનીય કેસ હોઈ **આપ નામ.સાહેબશ્રી અરજદારને તરફેણમાં અને સામાવાળા વિરૂદ્ધ યોગ્ય હુકમ કરવા મહે. કરશોજી.**

**૫.** આ કામના સામાવાળા અમો અરજદાર ઉપર ઘરેલુ હિંસાચાર આચરેલ હોઇ તેમજ વિભત્સ શબ્દો ઉચ્ચારણ કરેલ હોઇ અર્મો અરજદારનું પ્રથમ દર્શનીચ કેસ હોઇ અમો અરજદારને ખૂબ જ માનસિક યાતના વેઠવી પડેલ હોઈ તેના વળતર પેટે **રૂા.૧ લાખ સામાવાળાઓ ચૂકવી આપે તથા મેડીકલ સારવાર હેઠળ થયેલ તમામ ખર્ચ ચૂકવી આપે તેવો હુકમ કરવા મહે. કરશોજી.**

**૬.** આ **અરજીનું ખર્ચ રૂા.૫ હજાર આ કામના સામાવાળાઓ પાસેથી વસુલ** અપાવવા મહે. કરશોજી.

**૫.** અરજદારની અરજી દાખલ થયા બાદ સામાવાળાઓ વિરૂધ્ધ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો અને સામાવાળાઓ ઉપર નોટીસની બજવણી થઇ જતા સામાવાળાઓ આ અદાલતમાં તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઇ **આંક – ૦૯** થી જવાબ રજુ કરેલ છે સાથે **આંક : ૨૪** થી તેઓના પુત્ર સાવન તથા **આંક : ૨૯** થી સામાવાળા એ પોતે સર તપાસનું સોગંદનામું રજુ કરેલ છેતથા **આંક : ૩૨** થી આવક, મિલકત અને જવાબદારી અંગે નું સોગંદનામું રજુ કરેલ છે. અને જેમા અરજદારની અરજીની હકીકતોનો મુખ્યત્વે ઇન્કાર કરેલ છે. વધુમાં સામાવાળાએ તેઓના જવાબમાં કાઉન્ટર ખુલાસો કરેલ છે અને તેમાં સ્પસ્ટતા કરલે છે કે, સામાવાળાના લગ્ન આ કામના અરજદાર સાથે તા.૨૭/૦૬/૧૯૯૩ નારોજ ભુતાવડ, તા.ભિલોડા મુકામે તેઓના આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજના રીત રીવાજ અને રૂઢી મુજબ સામાજીક રીતે થયેલ. તેઓના સમાજમાં કરીયાવરનો કોઈ રીવાજ નથી જેથી લગ્ન સમયે વાસણ કપડાલત્તા તથા દાગીનામાં કાનની બુટી સોનાની, ચાંદીનો હાર સોનાનો ઢાળ ચડાવેલ આપેલ. આમ આ કામના અરજદાર અમારા કાયદેસરના પત્ની છે. વધુમાં, સામાવાળા લગ્ન અગાઉથી વિનયગર પ્રાથમીક શાળા, તા.વાંકાનેર, જિ.રાજકોટ મુકામે નોકરી કરતા હોઈ લગ્ન બાદ અરજદાર સાથે તેઓના નોકરીના સ્થળે આદેપર તા.વાંકાનેર જિ.રાજકોટ ભાડાના મકાનમાં રહેવા લાગેલ. અમો સામાવાળા અરજદાર પ્રત્યે લગ્નની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવતા હતા અને અરજદારને કોઈ પણ રીતે ખુશ રાખવા માટે તમામ પ્રયત્નો કરતા હતા અને અરજદારની નાની બાબતોમાં ખુબ જ ધ્યાન રાખતા હતા અને અમો સામાવાળાનુ અરજદાર સાથેનુ લગ્ન જીવન સુખેથી ચાલતુ હતુ. લગ્ન બાદ તા.૨૭/૦૭/૧૯૯૬ ના રોજ અરજદારને ફીમેલ હેલ્થ વર્કર તરીકે નોકરી મળતાં અરજદાર હલરા સબ સેન્ટર તા.ભચાઉ જિ. કચ્છ ખાતે નોકરીએ લાગેલ અરજદારને નોકરી મળતાં તેઓ સરકારી કવાટરમાં રહેવા લાગેલ અને અમો સામાવાળા પણ નોકરી કરતા હોઈ

દર અઠવાડીયામાં શની રવીએ અમો અરજદાર પાસે રહેવા જતા અને સોમવારે પરંત નોકરીએ જતા રહેતા આ દરમીયાન જયારે અમો અરજદાર પાસે આવતા ત્યારે અરજદારને તમામ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ લાવી આપતા અને અમારું લગ્ન જીવન સુખેથી ચાલતુ હતુ ત્યાર બાદ અમારા લગ્ન જીવનથી એક પુત્ર સંતાન નામે સાવનકુમાર નો જન્મ તા.૩૧/૦૫/૧૯૯૪ ના રોજ થયેલ અમો પતિ–પત્ની બન્ને નોકરી કરતા હોઈ અમારો પુત્ર બેએક વર્ષનો થયા બાદ તેની સારસંભાળ અને દેખરેખ માટે અમારા પિતાજી પાસે ધંધાસણ મુકામે મુકેલ.

૬. ત્યાર બાદ અરજદાર નોકરીએ લાગ્યાના લગ્નના એકાદ વર્ષ બાદ અરજદારનું સામાવાળા પ્રત્યેનું વર્તન અને વર્તુણક બદલાયેલ અને અરજદાર તેઓ પ્રત્યે અણગમો વ્યક્ત કરવા લાગેલ અને તેઓ અરજદાર પાસે એક પરણેતર લગ્ન સબંધો બાંધવા તથા તેઓનો વંશવેલો આગળ વધે તે માટે શરીર સુખની માગણી કરતા ત્યારે અરજદાર એક યા બીજા બહાના બતાવી વાત ટાળતા અને તેઓની પ્રત્યે અણગમો રાખતા તેમ છતાં પણ સામાવાળા અરજદાર નોકરીના ભારણના કારણે આવું વર્તન કરતા હશે તેમ સમજી તેઓનું લગ્ન જીવન આગળ ધપાવવા લાગેલ તેમ છતાં દિવસે દિવસે અરજદારનુ વર્તન વધુને વધુ બગડતું જતું હતું અને તેઓ જયારે જયારે અઠવાડીયાના શનિ–રવિ અરજદાર પાસે જાય ત્યારે અરજદારના ખાતા સહકર્મી રાજેન્દ્રસિંહ આર. જાડેજા નાઓ હાજર હોયજ જેથી સામાવાળાએ આ અંગે અરજદારને પુછતાં તેઓએ તેમના સાથે નોકરી કરતા કર્મચારી હોવાની ઓળખાણ આપેલ.

૭. ત્યાર બાદ, સામાવાળા અરજદાર પાસે જાય ત્યારે અરજદારના કવાટર ઉપર રાર્જેન્દ્રસિંહ હાજર હોઈ અરજદાર અમોને એકયા બીજા બહાને બહાર મોકલી દેતા જેથી લાંબો સમય જતાં અમોને શંકા ઉત્પન્ન થયેલ અને અરજદારને જાણ કર્યા વગર સામાવાળા ચાલુ દિવસે અરજદારના કવાટર ઉપર આવી જતાં અરજદાર તથા રાજેન્દ્રસિંહ બન્નેને તેઓએ કઢંગી હાલતમાં જોયેલ અને બન્નેને નિવસ્ત્ર હાલતમાં અમોએ જોયેલ જેથી સામાવાળાને ખુબ જ આઘાત પહોચેલ અને અરજદારને આવા અનૈતિક સબંધો તોડી નાખવા માટે ખુબ જ સમજાવેલ જેથી અરજદારએ અમોને નિર્લજતા પૂર્વક જણાવેલ કે, **"સરકારી કવાટર છે અને ગમે તે આવે તમારે શું લેવા દેવા''** જેથી સામાવાળાને ખુબ જ આઘાત પહોચેલ.

૮. ત્યાર બાદ, અરજદાર સામાવાળાની ગેરહાજરીમાં તેમજ હાજરીમાં પર પરૂષ સાથે સતત વ્યભિચારી જીવન જીવતા હતા પરંતુ તેઓનો પુત્ર નાનો હોઈ તેમજ સામાવાળા બહારના હોઈ અને અરજદાર સ્થાનીક રાજેન્દ્રસિંહ જાડેજાની સાથે અનૈતિક સબંધો ધરાવતા હોઈ રાજેન્દ્રસિહ મોટુ જુથ બળ ધરાવતો હોઈ તેમજ અરજદાર તેમના સાથે ભળી ગયેલ હોઈ અમારા જાનની સલામતી ન હોઈ ડરી ગયેલ અને અરજદાર તેઓને સતત ધમકાવી ત્યાર બાદ તેઓએ અરજદારને આ રાજેન્દ્રસિંહ થી દુર અને સામાવાળા સાથે રહે તે આશય થી તેઓએ કન્યા પ્રાથમીક શાળા માળીયા મીયાણા ખાતે સને ૨૦૦૦ ની સાલમાં બદલી કરાવેલ અને અરજદારના નોકરીના સ્થળ હલરા થી માળીયા મીયાણા અપડાઉન કરતા અને **અરજદાર સાથે રહેવા લાગેલ તેમ છતાં પણ તે દરમિયાન પણ સામાવાળાની હાજરીમાં આ રાજેન્દ્રસિહ આવતા અને બન્ને ભેગા મળી તેઓને ઘરેથી કાઢી બન્ને શારીરીક સબંધો બાંધતા પરંતુ સામાવાળા નિ:સહાય હોઈ અરજદારનું આવું વર્તન મુગા મોઢે સહન કરતા ત્યાર બાદ અરજદારનું વર્તન દિવસે દિવસે વધુને વધુ ખરાબ થતુ હોઈ જેથી તેઓએ ૨૦૦૩ ની સાલમાં હલરાથી સામીખ્યારી ખાતે ભાડાના મકાનમાં રહેવા ગયેલ પરંતુ ત્યાં પણ પરિસ્થિતીમાં કોઈ ફરક પડેલ નહી અને ત્યાં પણ આ રજેન્દ્રસિહ તેઓની હાજરીમાં અને ગેરહાજરીમાં આવતા અને અરજદાર વ્યભિચારી જીવન ગુજારતા.** ત્યાર બાદ સામાવાળાના પુત્રને તેઓના વતનથી તેઓની સાથે રહેવા લાવેલ અને આધોઈ પ્રાથમીક શાળામાં ધોરણ–૫ માં દાખલ કરેલ. ત્યાર બાદ સામાવાળા નોકરીએ જતા રહે ત્યારે અરજદાર તેઓના દિકરાની હાજરીમાં રાજેન્દ્રસિંહને મળવા બોલાવતા અને તેઓના દીકરાને એક યા બીજા બહાને બજારમાં મોકલી તેઓ બન્ને વ્યભિચારી જીવન ગુજારતા એક દિવસ સામાવાળાના દીકરાએ પણ અરજદારને રાજેન્દ્રસિંહ સાથે કઢંગી હાલતમાં પલંગ ઉપર સંભોગ કરતા જોયેલ જેથી આ અંગે બીજા દિવસે તેઓના દિકરાએ સામાવાળાને વાત કરતાં તેઓએ આ રાજેન્દ્રસિહને ઠપકો આપવા ગયેલ અને એવુ જણાવેલ કે, **"છોકરાની હાજરીમાં તમો જે કૃત્ય કરો છો તે વ્યાજબી નથી"** જેથી આ **રાજેન્દ્રસિંહ નફ્ફટાઈ થી** એવુ જણાવેલ કે, **"તારી બાયડી મને પ્રેમ કરે છે અને હું તેને પ્રેમ કરું છું અને પંદર વીસ મીનીટના કામમાં શું બગડી જાય છે તારાથી થાય તે કરી લેજે અમે તો મળતા રહીશુ અને હવે પછી વાત કરી છે તો તારુ કાશળ કાઢી લાશનો પતો પણ થવા દઈશ નહી"** જેથી સામાવાળા ખુબ જ ડરી ગયેલ અને આબરુ જવાના ડરથી કોઈને આ સબંધ અંગે જાણ પર કરી શકતા નહી અને અંદરો અંદર મુજાતા. ત્યાર બાદ સામાવાળા સાંખયારી મકાન બદલી બીજે

ભાડાના મકાનમાં રહેવા ગયેલ ત્યાં અરજદાર અલગ રૂમમાં સુઈ રહેલ ત્યારે રાત્રીના બે વાગ્યાના અરસામાં મોબાઈલ ઉપર વાત કરતા હતા જેથી તેઓ અરજદાર રૂમમાં ગયેલ અને પુછેલ કે, કોની સાથે અડધી રાતે વાતો કરે છે જેથી અરજદાર ઉશ્કેરાઈ ગયેલ અને તેઓ સાથે ખુબ જ મોટો ઝગડો કરેલ અને પાવડાનો હાથો સામાવાળાને માથામાં મારવા જતાં તેઓ નમી જતાં ખભા ઉપર વાગેલ જેથી તેઓએ આ અંગે તેઓના મોટાસાળી લક્ષ્મીબેનને જાણ કરેલ અને તેઓએ ત્યાર બાદ તેઓના સાળા ગીરીશભાઈ કે જે મોરબી જી.ઈ.બી માં નોકરી કરતા હોઈ તેઓને ફોન કરી અરજદાર આવુ વ્યભિચારી જીવન જીવતા હોઈ અને જાનનું જોખમ હોવા અંગે જાણ કરેલ જેથી બીજા દિવસે તેઓના સાળા સામીખ્યારી ખાતે આવેલ અને તેઓએ આ સમગ્ર પ્રકરણની વિગતવાર વાત કરેલી. જેથી તેઓના સાળાએ અરજદારને ઠપકો આપી આવુ ન કરવા અને આ રાજેન્દ્રસિંહ સાથે સબંધો કાપી નાખવા અને શાંતીથી રહેવા જણાવેલ તેમ છતાં પણ અરજદારના વર્તનમાં કોઈ ફરક પડેલ નહી જેથી સામાવાળા સાસરી પક્ષના બીજા સાળાઓને જાણ કરેલ.

૯. આમ, અરજદાર સતત સામાવાળા પ્રત્યે દુર્લક્ષ સેવતા અને અમારા કુટુંબમાં કોઈ સારા નરસા પ્રસંગે વતનમાં આવવાનું જણાવતા ત્યારે એક યા બીજા બહાના બતાવી આવવાનું ટાળતા. પરંતુ, તેઓ અરજદારના પીયર પક્ષે કોઈ પણ સારો નરસો પ્રસંગ હોય ત્યારે બીન ચુક હાજરી આપતા. ગઈ તા.૧૯/૦૪/૨૦૧૫ નારોજ તેઓના કાકાના દીકરાના દીકરાની સગાઈ હોઈ તેઓ અરજદારને વતનમાં આવવાનું જણાવેલ પરંતુ અરજદારએ નોકરીનુ બહાનુ બતાવી ના પાડેલ જેથી સામાવાળા તથા તેઓના પુત્ર બન્ને વતનમાં આવેલ અને પ્રસંગ પતાવી તેઓની સાસરી ભુતાવડ મુકામે ગયેલ ત્યારે અરજદાર પણ ત્યાં હાજર હતા અને અરજદાર તથા તેઓના સસરા નવજીભાઈ નાથાભાઈ ગાળો બોલતા હતા અને તેઓના સાળા જયંતીભાઈ, અરવિંદભાઈ, ગીરીશભાઈ, વસંતભાઈ તથા તેઓના સાળી લક્ષ્મીબેન તેમજ હાર્દિક અરવિંદભાઈ વિગેરે ભેગા મળી તેઓને તથા તેઓના પુત્રને ગડદા પાટુનો માર મારેલ અને ઘરમાં પુરી દીધેલ જેથી તેઓએ બચવા માટે બુમા બુમ કરતાં તેઓના સાળા નારણભાઈએ છોડાવેલ અને તેઓના ઘરે લઈ ગયેલ અને બીજા દિવસે સામાવાળા તેઓના દિકરા સાથે નોકરીએ જતા રહેલ અને મોટું મન રાખી આ અંગે કોઈ ફરીયાદ કરેલ નહી. અરજદાર તેઓની જાણ બહાર તેઓના સાસરીમાં રૂપિયા મોકલતા જેથી આ તેઓના સાળાઓ પણ અરજદારને કોઈ ઠપકો આપતા નહી. **ત્યાર બાદ ઓકટોબર –**

**૨૦૧૯ માં તેઓ વયનિવૃત થયેલ હોઈ તેઓ જોડે રહેતા હતા અને તેઓના વતનમાં મકાનનુ કામ ચાલુ હોઈ અવાર નવાર સામાંવાળા વતનમાં આવતા જતા હતા અને અરજદાર આઘોઈ ખાતે ભાડાના મકાનમાં રહેતા હોઈ, ત્યાં અવાર નવાર આવતા જતા હતા.** અરજદારએ તેઓ સફાઈ કરતા હતા ત્યારે ખોટો વાંક કાઢી તેઓ પર હાથમાંની લાકડી જુટવી લઈ લાકડી વડે માર મારેલ અને ત્યાર બાદ બહાર પથ્થર લઈ છુટો પથ્થર મારેલ જે તેઓને બરડાના ભાગે વાગેલ ત્યાર બાદ તાળુ છુટુ મારેલ જે અમોને પગના ભાગે વાગેલ. ગઈ તા. ૧૮/૧૧/૨૦૨૩ નારોજ તેઓના સાળા જયંતીભાઈના દીકરા ઉમંગ નો સગપણનો પ્રસંગ હોઈ સામાવાળાને આમંત્રણ હોઈ તેઓએ અરજદારને સાથે લઈ જવા જાણ કરેલ પરંતુ સામાવાળા નોકરીનુ બહાનુ બતાવી તેઓની સાથે આવેલ નહી જેથી તેઓ એકલા આવેલ અને સગપણનો પ્રસંગ પતાવી વતન ધંધાસણ ગયેલ. ત્યાર બાદ અરજદારે ખોટી હકીકતો ઉપજાવી કાઢી તેઓ સામાવાળા વિરૂધ્ધ તા.૩૦/૧૧/૨૦૨૩ નારોજ ભિલોડા પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ. અને અરજદાર તેઓને તેમની સાથે રહેવા દેવા બીલકુલ ઈન્કાર કરી દીધેલ તેમ છતાં પણ તેઓ અરજદાર સાથે રહેતા હતા ત્યાર બાદ તેઓ સામાવાળાના વતનમાં મકાનનુ કામ ચાલુ હોઈ ત્યાં આવેલ તે દરમીયાન અરજદાર નોકરી માંથી રીટાયર્ડ થતાં તેઓની અંગત બચત માંથી લીધેલ સેવીગ સર્ટિફીકેટ છ થી સાત લાખના તેમજ સામાવાળાના સોના ચાંદીના દર – દાગીના તમામ તેમજ ઘરવખરી તમામ ચીજવસ્તુઓ લઈ અરજદાર તેમના પીયર જતા રહેલ અને ખોટી હકીકતો ઉપજાવી હાલની અરજી કરેલ હોઈ જે રદ થવા પાત્ર છે. અરજદાર હાલમાં સરકારી નોકરીમાંથી નિવૃત થયેલ છે અને પેન્શન મેળવે છે. આમ અરજદારે કરેલ અરજી ચાલવા પાત્ર ન હોઈ અને ખોટી હકીકતો વાળી તેમજ સત્ય થી વેગળી હોઈ અમો સામાવાળાના લેખિત જવાબમાં જણોવલ સઘળા કારણોસર અરજદારને અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવાને પાત્ર ન હોઈ અરજી રદ થવાને પાત્ર હોઈ અરજદારની અરજી ખર્ચ સાથે રદ કરશોજી.

**૧૦.** ત્યાર બાદ સદર અરજીના કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયલ છે.

**અરજદાર તરફે રજુ થયેલ મૌખીક પુરાવો : –**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| સરલા | મિલકત અને જવાબદારી અંગે નું સોગંદનામું | ૧/૧ |
| ૨ | પ્રોટેકશન ઓફિસરશ્રી નો રિપોર્ટ | ૨ |
| ૩ | અરજદારશ્રીનું પુરાવાનું સોગંદનામું | ૧૨ |
| ૪ | પુરાવા બંધ ની પુરશિસ | ૨૦ |

**૧૧.** ત્યાર બાદ સદરહુ અરજીના કામે અરજદાર તરફે મૌખિક રીતે પોતાનો પુરાવો પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ. ત્યાર બાદ સદર અરજીના કામે સામાવાળા તરફે નીચે મુજબનો મૌખીક પુરાવો રજુ થયલ છે.

**સામાવાળા તરફે રજુ થયેલ મૌખીક પુરાવો : –**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | સામાવાળાના પુત્ર સાહેદ સાવનકુમાર ધુળજીભાઈ ડામોરની સરતપાસનું સોગંદનામુ | ૨૪ |
| ૨ | સામાવાળા તરફે સાહેદ ધુળજીભાઈ વાલજીભાઈ ડામોર ની સરતપાસનું સોગંદનામુ | ૨૯ |
| ૩ | પુરાવા બંધની પુરશિસ | ૩૦ |
| ૪. | સામાવાળાનું મિલકત અંગે જવાબદારી અંગે સોગંદનામું. | ૩૨ |

**૧૨.** ત્યાર બાદ અરજદાર તરફે, તથા સામાવાળા તર્ફે, વિસ્તૃત દલીલો સાંભળી તેમાં **અરજદાર પક્ષે મુખ્ય દલીલ છે કે,** અરજદાર હાલ ઓસિયાળું જીવન વ્યતીત કરી રહેલ છે. સામાવાળા થતી અરજદારને એક દીકરો હોવા છતાં દીરકો પણ અરજદાર પ્રત્યે ઉદાસીન હોઈ અને, દીકરાને સામાવાળા અરજદાર ના ચારિત્ર બાબતે ખોટી વાતો કરી ભોર્માવી અને અરજદારને આર્થિક તથા સામાજિક રીતે હેરાન પરેશાન કરવા માટે સામાવાળા દ્વરા તેઓના પર ખોટા ચારિત્રના આક્ષેપો કરેલ છે. અરજદાર જીવન ભર સામાવાળાના કહ્યા મુજબ જીવન જીવી રહેલ છે અને, અરજદાર ને સામાવાળા પાસે કોઈ ગેર વ્યાજબી અપેક્ષાઓ પણ નથી પરંતુ, સામાવાળા ને અરજદાર સાથે રહેવું નથી અને કોઈ જવાબદારી અરજદાર પરત્વેની સ્વીકારવી નથી અને, અરજદાર પર ખોટા આક્ષેપો ખોટી શંકા કુશંકા કરી અને જીવન અરજદારનું બરબાદ કરી નાખેલ છે અને અરજદારને હાલ વ્યો વૃદ્ધ ઉંમરમાં સહારાની જરૂરિયાત હોઈ પરંતુ સામાવાળા તેઓના

દીકરાને પણ અરજદારના ચારિત્ર બાબતે ખોટા આક્ષેપો કરી અને ખોટી રીતે હેરાન પરેશાન કરવા અને બદનામ કરી તેઓની જવાબદારીમાંથી છટકવા અને અરજદાર સાથે દ્વેષ ભાવે બદલો લેવાના આશય ઈરાદા પૂર્વક શારીરિક અને માનસિક ત્રાસ આપી રહેલ છે.

**૧૩.** જયારે**, સામાવાળા તરફે મુખ્ય દલીલ છે કે,** અરજદાર પોતે કમાવવા માટે અને પોતાનું ભરણ પોષણ મેળવવા માટે અને હાલ તેઓને નિવૃત્તિ બાદ તેઓના જીવન નિર્વાહ પૂર્ણ કરવા માટે પુરતું પેન્શન મળે છે. અરજદારે ઈરાદા પૂર્વક સામાવાળાનો ત્યાગ કરલે છે અને, સામાવાળા ને કોઈ પણ પ્રકારનું પારિવારિક સાંસારિક કે, લગ્ન સબંધ અંગેના સુખો થી ત્રાહિત વ્યક્તિ રાજેન્દ્રસિંહ નામના વ્યક્તિ સાથે અરજદારના લગ્ન બાહ્ય સબંધના કારણે અરજદાર દ્વારા સામાવાળા તથા તેના પુત્ર તરફે ઉદાસીન વલણ અને વર્તન કરેલ છે અને, તમામ પ્રકારના સુખો થી વંચિત કરલે છે. અને સામાવાળા તથા તેઓના પુત્રનું સોષણ કરલે છે. હાલ અરજદાર વૃદ્ધ થયેલ છે નિવૃત થયેલ છે અને તેઓના પ્રેમી સાથે હાલ કોઈ સબંધ સ્થાપિત રહેલ ના હોઈ જેથી અરજદાર એકલતા અનુભવતા અને તેઓના વૃદ્ધા અવસ્થા માં એકલા પડે નહી અંતે તેઓની જવાબદારી સામાવાળા પર થોપવા હાલની આટલા વર્ષો બાદ અરજી દાખલ કરલે છે જે અરજી કાયદા વિરુદ્ધ ની અને સામાવાળાને માનસિક અને આર્થિક તથા સામાજિક નુકશાન કરવાના હેતુ થી અને તેઓ પાસેથી મિલકત પડાવી લેવા અને જવાબદારી ઉભી કરવા દાખલ કરલે છે જેથી અરજી કાયદા વિરુદ્ધ ની અને ખોટી હકીકતો સાથે કરેલ હોઈ અરજી રદ્દ કરવા અરજ ગુજરેલ છે.

**૧૪.** સદરહુ અરજીના કામે અરજદારની અરજીની હકીકતો તથા રજુ થયેલ પુરાવો તથા **કૌટુંબીક હિંસાખોરી થી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનીયમ – ૨૦૦૫ ની કલમ – ૧૨** ધ્યાને લેતા સદરહુ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## :: મુદ્દા ::

૧. શું અરજદાર પુરવાર કરે છે કે સામાવાળાઓ કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમ – ૨૦૦૫ ના કાયદામાં કલમ – ૩ માં જણાવ્યા મુજબ અરજદાર ઉપર કૌટુંમ્બીક હિંસાનું કૃત્ય આચરેલ છે ?

૨. શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૩. શું હુકમ ?

**૧૫.** ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

## – : નિ ર્ણ યો : –

**(૧)** હકારમાં
**(૨)** અંશત: હકારમાં
**(૩)** આખરી હુકમ મુજબ.

**૧૬.** ઉપરોક્ત અરજીની હકીકતો ને અને પુરાવાને લક્ષે લઇ મુલ્યાંકના કરી મુદા નં. ૧ થી ૩ ના તારણો સાથે મુદા નં. ૪ ના નિર્ણય પર પહોચતા પહેલા ઘરેલું હિંસા ખોરીથી રક્ષણ આપતા કાયદાની કલમ – ૩ માં જણાવેલ ઘરેલું હિંસા ખોરીની વ્યાખ્યા ધાયને લેતા કલમ ૩(એ) માં જણાવેલ છે કે, વ્યથિત વ્યક્તિને શારીરિક કે માનસિક રીતે ઈજા અથવા જોઈ કોઈ આરોગ્ય સલામતી જીવન અંગે કે સુખાકારીને ભયમાં મૂકી અથવા તે મુજબ કરવા દોરી જતા હોય અને તેમાં શારીરિક દુર વ્યવહાર, જાતીય દુર વ્યવહાર, મૌખિક રીતે અને લાગણી સાથે દુર વ્યવહાર તથા આર્થિક દુર વ્યવહાર કરવાનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર કલમ – ૩ ની સમજુતીમાં શારીરિક દુર વ્યવહાર એટલે એવું કોઈ પણ કુત્ર્ય કે વર્તન કે, જે એવા સ્વરૂપનું હોય કે જેનાથી શારીરિક પીડા હોવનું અથવા જિંદગીની કે શરીર અંગેની કે વ્યથિત વ્યક્તિના આરોગ્ય અને વિકાસને અવરોધ્તું હોય અને તેમાં હુમલો ગુનાહિત ઉશ્કેરાઈ અને ગુનાહિત બળનો સમાવેશ થાય છે. જેથી અરજદારણ પર વહેમ રાખવો તથા અન્ય ત્રાહિત વ્યક્તિ સાથે લગ્ન બાહ્ય સબંધ હોવાના આક્ષેપો કરવા જે કોઈ આધાર પુરાવા વગર કે તેઓના લેખિત જવાબ સાથે કોઈ દસ્તાવેજી આધાર પુરાવા વગર અક્ષેપિત હકીકતો જણાવવાની તે હકીકત ઘરેલું હિસાની વ્યાખ્યામાં પડતી હોઈ સામાવાળાએ અરજદારણ પર ઘરેલું હિંસા આચરેલ હોવાનું ફલિત થાય છે.

**૧૭.** ઉપર ચર્ચા કર્યા મુજબ સામાવાળાએ ઘરેલું હિંસા અધિનિયમની કલમ – ૩ મુજબ અરજદારણ પર ઘરેલું હિંસા આચરેલ હોવાનું પુરવાર થતું હોઈ સદર જોગવાઈમાં જણાવ્યા મુજબ અરજદાર વ્યથિત વ્યક્તિની વ્યાખ્યામાં આવે છે કે તે હકીકત ધ્યાને

લેતા વ્યથિત વ્યક્તિની વ્યાખ્યા ઘરેલું હિસા અધિનિયમની કલમ – ૨ (એ) માં કરવામાં આવેલ હે જે મુજબ વ્યથિત વ્યક્તિ એટલે કોઈ પણ સ્ત્રી કે જે કૌટુંબિક સબંધમાં હોય અથવા સબંધિત હોય અને સામાવાળા દ્ધારા કૌટુંબિક હિંસાની કોઈ પણ હકીકતનો ભોગ બની હોવાનો આક્ષેપ કરેલ હોય. હાલના કેસમાં પણ અરજદારણ સામાવાળાની પત્ની છે તથા સદર હકીકત સામાવાળા દ્ધારા તેઓના જવાબમાં સ્વીકારે કરવામાં આવેલ છે. જેથી અરજદારણ સામાવાળા સાથે કૌટુંબિક સબંધે વણાયેલ છે. જેથી અરજદારણ વ્યથિત વ્યક્તિની વ્યાખ્યામાં આવતા હોવાનું જણાઈ આવે છે.

૧૮. હાલની અરજી અરજદાર દ્ધારા ઘરેલું હિસા અધિનિયમ હેઠળ કરવામાં આવેલ છે. સદર કાયદાનો હેતુ ધ્યાનમાં લેવામાં આવે તો બંધારણ અન્વયે આપવામાં આવેલ સ્ત્રીના અધિકારોને વધુ અસરકારક રીતે સરક્ષણ આ અધિનિયમ પૂરું પાડે છે. જે કૌટુંબિક અથવા ઘરેલું મામલામાં હિસાખોરીનો ભાગ બનનારને સંરક્ષણ પૂરું પાડવા માટે ઘડવામાં આવેલ છે. સમાજમાં બનતા ઘરેલું હિસાના બનાવને દુર કરવા તથા ઘરેલું હિસાનો ભોગ બનનાર સ્ત્રીને રક્ષણ પૂરું પાડવાના અર્થે ભારતીય બંધારણમાં અનુચ્છેદ – ૧૪, ૧૫ તથા ૨૧ માં બંધારણે આપેલ અધિકારોને લક્ષમાં રાખીને દીવાની કાયદાનો ઉપાય પૂરો પાડવા સારું આ અધિનિયમ ઘડવામાં આવેલ છે. ભારત દેશમાં કોઈ પણ સ્ત્રી પોતાના સંસારનો ભંગ થાય કે તૂટે એવું કોઈ પણ કુત્ય કરતા ઘણો વિચાર કરે છે. કોઈ પણ સ્ત્રી પોતાના પતી તેમજ સાસરીયા ઉપર કોઈ પણ આક્ષેપ કરતા પહેલા ઘણો વિચાર કરતી હોય છે અને તેનો ઘર સંસાર તૂટે તેવી રીતે તે સામાવાળા તેઓના પતી ઉપર કોઈ પણ આક્ષેપ કરે નહી. તદ્ઉ ઉપરાંત ઘરેલું હિસા એક એવી બાબત છે કે, જેમાં અન્ય કોઈ વ્યક્તિ બનાવ સમયે હાજર હોવાની શક્યતા ઘણી જ નહિવત હોય છે. જયારે કોઈ સ્ત્રી દ્ધારા પોતાના પતી અથવા તો સાસરિયા સામે આક્ષેપ કરવામાં આવે ત્યારે તેવા સંજોગોમાં તે સ્ત્રી દ્ધારા કરવામાં આવેલ આક્ષેપોનું ખંડન કરતો પુરાવો ન મળે ત્યાં સુંધી આવા આક્ષેપો ખોટા હોવાનું અને ગેર વ્યાજબી હોવાનું માની શકાય નહી.

૧૯. આથી હાલના કેસમાં અરજદારણ દ્ધારા સામાવાળા ઉપર ઘરેલું હિંસા આચરેલ હોવાનો આક્ષેપ કરલે છે તથા સામાવાળા દ્ધારા માત્ર જવાબ રજુ કરી તથા અરજદારના મૌખિક પુરાવામાં અરજદારની ઉલટ તપાસ કરલે છે. જેમાં, અરજદાર સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, **આંક : ૧૨ અરજદાર** [redacted], તેઓની ઉલટ તપાસમાં

સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, ધુળજીભાઈ સાથે મારા લગ્ન સામાજીક રીતે થયેલા, અમારા આદિવાસી સમાજમાં કરીવાર આપવાનો કોઈ રીવાજ નથી, મારા લગ્ન અગાઉથી ધુળજીભાઈ શિક્ષક તરીકે નોકરી કરતા હતા, વિનયગઢ પ્રાથમિક શાળા, તા. વાં કાનેર, જી. રાજકોટ મુકામે પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતા હતા, લગ્ન બાદ હું તેમની સાથે રહેવા ગયેલ, ત્યાં અમે ભાડાના મકાનમાં રહેતા હતા, મારા લગ્નના ત્રણેક વર્ષ બાદ મને ફિમેઈલ હેલ્થ વર્કર તરીકે નોકરી મળેલી, મારુ પ્રથમ પોસ્ટીંગ હલરા, તા. ભચાઉ, જી. કચ્છ મુકામે થયેલ, મારા પતિ રાજકોટ જીલ્લામાં નોકરી કરતા હોય અને મારે કચ્છ જીલ્લામાં નોકરી લાગેલ હોય અપ–ડાઉન થઈ શકે તેમ ન હોય હું મારા નોકરીના સ્થળે રહેતી હતી, મારી નોકરીના સ્થળે હું સ્ટાફ કવાર્ટરમાં રહેવા આવેલી, શની–રવી મારા પતિ મારી પાસે રહેવા આવતા એવી રીતે હું પણ એક શની–રવી મારા પતિ પાસ રહેવા જતી, અમારા લગ્ન જીવનથી તા.૩૧/૦૫/૧૯૯૪ નારોજ એક પુત્ર સાવનનો જન્મ થયેલો, અમો બંને નોકરી કરતા હોય અમારા બાળકને બે–એક વર્ષ બાદ મારી સાસરીમાં દેખરેખ માટે મુકી દીધેલ, મારા દિકરાની સારસંભાળ અને દેખરેખ મારા સસરા રાખતા હતા, સને ૨૦૦૦ ની સાલમાં મારા પતિએ હલરા પ્ર ાથમિક શાળા થી કન્યા પ્રાથમિક શાળા, માળીયામીયાણા ખાતે બદલી કરાવેલ, મારા પતિ હલરા થી માળીયામીયાણા અપ–ડાઉન કરતા હતા, સને ૨૦૦૩ ની સાલમાં હું પણ હલરા થી સામીખીયાડી ભાડાના મકાનમાં રહેવા ગયેલ, અમો સામીખીયાડી રસોવા આવેલ તે વખતે મારા દિકરાને અમારા વતનથી સાથે રહેવા લાવેલ અને આધોઈ પ્રાથમિક શાળામાં ધોરણ – ૫ માં દાખલ કરેલ, મારો મોટો ભાઈ ગીરીશભાઈ અમો સામીખીયાડી રહેતા હતા તે અરસામાં મોરબી જી. ઈ. બી. માં નોકરી કરતા હતા અને મોરબીમાં રહેતા હતા. **મારા પતિ હાલ નિવૃત છે, હું પણ સરકારી નોકરીમાંથી નિવૃત થયેલ છું, મારે કાયમી પેન્શન આવે છે, મારી નિવૃતી બાદની જે લાભો મળે તે મને મળી ગયેલ છે, હાલ મેં ભિલોડા, ધોલવાણી ત્રણ રસ્તા ખાતે મકાન ખરીદેલ છે, આ મકાનમાં હું હાલ રહુ છું, હાલમાં મેં જે કોર્ટમાં અરજી કરેલ છે તે છુટાછેડા માટે કરેલ છે,** મારી અરજી તથા સરતપાસના સોગંદનામામાં સામાવાળા વિરૂધ્ધ શારીરીક માનસિક ત્રાસ તેમજ મારઝૂડ અંગેના જે આક્ષેપો કરેલ છે તે અંગે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી, મેં જે પોલીસ પ્રોટેકશન લીધેલ તે અંગના કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ રાખેલ નથી, મારા આટલા વર્ષના લગ્ન જીવનમાં મેં મારા પતિ વિરૂધ્ધ કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી, મારા લગ્ન જીવનથી મારે જે પુત્ર થયેલ તે હાલ મારા પતિ સાથે રહે છે, હાલની અરજી દાખલ થયા

બાદ મીડીએશનમાં સમાધાન માટે આ કેસા રાખેલો, મને મીડીએશનમાં હાજર રહેવા ત્રણ થી ચાર વખત જાણ કરેલ હોવા છતાં હું હાજર રહેલ નહીં. **સવાલ:** હાલ તમે સમાધાન માટે તૈયાર છો? **જવાબ:** ના **સવાલ:** ઘુળજીભાઈ સમાજના આગેવાનો સાથે વાતચિત કરીને તેડી લઈ જાય અને તમે કહો ત્યાં રહેવા તૈયાર હોય તો તમો જવા તૈયાર છો? **જવાબ:** ના, હું જવા તૈયાર નથી, મારો દિકરો હાલ લગ્નની ઉમરના લાયક થઈ ગયેલ છે, હાલ હું મારા દીકરાને સાથે રાખવા તૈયાર નથી. અહી નોધવું જરૂરી છે કે, ઘરેલું હિસના અંગે મહત્વની નું પરીબળ એ છે કે, બન્ને પક્ષકારો સત્ત્ત એક છત નીચે રહેલ હોવા જોઈએ અને બન્ને વચ્ચે પારિવારિક અને ઘરેલું સબંધો હોવા જોઈએ અહી અરજદાર દ્વારા સામાવાળા તેઓના પતી હોવાનો અને તેઓ દ્વારા તેઓના ચરિત્ર પર આક્ષેપ કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓને માનસિક ત્રાસ આપેલ હોવાની હકીકત જણાવેલ છે તથા તેઓના કરિયાવર સામાવાળા ની કસ્ટડીમાં રહેલ હોવાની હકીકત જણાવેલ છે. જે અંગે સામાવાળા તથા તેઓના પુત્ર બન્ને સાહેદોની તરફે ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, **આંક : ૨૯ થી (સામાવાળા પોતે)** ફિમેલ હેલ્થ વર્કર તરીકે ગામડાઓમાં અલગ-અલગ વિસ્તારમાં ફરવું પડે, આવા કોઈ સહ કર્મચારીનું મેં નામ કે સરનામું પુછેલુ નહિ, રાજેન્દ્ર આર. જાડેજાના કોઈ ઓળખનો પુરાવો આ કામે રજુ કરેલ નથી, રાજેન્દ્રસિંહ આર જાડેજા સાથે અનૈતિક સંબંધ ધરાવતા હોય તે બાબતેની ફરીયાદ મેં કરેલી હોય તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલો નથી, આ કામના અરજદારને અમોએ રાજેન્દ્રસિંહ સાથે કંઢગી હાલતમાં અમોએ નજરો નજર જોયેલ નથી, **મારા લગ્ન થયેલા ત્યારે કરીયાવર તરીકે વાસણ, ગોદરા, રજઈ, પલગ અને ચાંદિ પર સોનાનું પાણી ચડાવેલુ પેન્ડલ આપેલું. આદિવાસી સમાજમાં ચાંદિના છડા કર તોલાના આપવાનો રીવાજ છે. સાહેદ જણાવે છે કે, મારા તરફથી મારી પત્નિને આ ચાંદિના છડા આપવામાં આવેલા હતા.** વધુમાં સાહેદ સ્વીકારે છે કે, આદિવાસી સમાજમાં કરીયાવર આપવામાં આવે તેનું લીસ્ટ બનાવી તેની નીચે વર અને કન્યાની સહિ લેવામાં આવે છે, મારા પત્નિ લીસ્ટ મુજબના કરીયાવર સાથે મારા ઘરે આવેલા, આ લીસ્ટ મુજબનું કરીયાવર મારા કબજામાં છે, તેમાંથી કેટલુક તુટી ગયેલુ છે, મારા સૌગંદનામામાં આદિવાસી સમાજમાં કરીયાવર આપવાનો રીવાજ નથી તેવું જણાવેલ છે, જયારે **આંક : ૨૭ થી તેઓના પુત્ર, સાવન દ્વારા સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** આરોગ્ય કેન્દ્રમાં નોકરી કરવી હોય તો એક જગ્યાએથી બીજી જગ્યાએ અને બીજી જગ્યાએથી ત્રીજી જગ્યાએ જવું પડે, નોકરી કરતાં

હોઈ એ તો ડોટકર, પેશન્ટ અને સ્ટાફનો સંપર્ક રાખવો પડે, સને ૨૦૨૦-૨૧ માં મારા મમ્મી સરકારી કવાર્ટરમાં રહેતા હતા, તેમની નોકરી દરમિયાન પરમાર રાજેન્દ્રસિંહ મારા મમ્મીને મળતા હતા તેનો કોઈ આધાર પુરાવો નથી. **સાહેદ જણાવે છે કે,** મેં રૂબરૂમાં જોયેલા છે. વધુમાં, સાહેદ સ્વીકારેલ છે કે, આરોગ્ય કર્મચારી જોડે મહિલા અને પુરુષ પેશન્ટો આવતા હોય છે અને તેમની બિમારીને લગતી કોઈ પણ વાતચીત કરવી હોય તો તે સ્વતંત્ર રીતે કરી શકે, આ રાજેન્દ્રસિંહ મારા મમ્મી સાથે ફરવા ગયેલા હોય અને હોટલમાં રોકાયો હોય તેના કોઈ ફોટોગ્રાફસ કે આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી, આ રાજેન્દ્રસિંહ સાથે મારે કોઈ બોલાચાલી થયેલ હોય કે તકરાર થયેલ હોય તેવું બનેલ નથી, મારી સરતપાસમાં જણાવેલ હકીકત, તારી મમ્મી મને પ્રેમ કરે છે હું તેને પ્રેમ કરુ છુ ૧૫-૨૦ મીનીટમાં શું બગડી જાય છે તાર થી થાય તે કરી લે જે અમે તો મળીશુ એવું કહેલ તે બાબતેનો કોઈ મોબાઈલ કોલ રેકર્ડ કરેલ હોય કે તેને આ કામે રજુ રાખેલ હોય તેવું બનેલ નથી, મારા પિતાજી સમખીચાળી થી મકાન બદલી બીજે ભાડે થી મકાનમાં રહેવા ગયેલા તે સમયે મારા મમ્મી અલગ રૂમમાં સુઈ રાત્રીના ૨ વાગે ફોન ઉપર વાત કરતા હતા તે સામે કયા નંબર ઉપર વાત કરતા હતા તે હું કહિ શકુ નહિ, આ વખતે મારા મમ્મી અને મારા પપ્પા વચ્ચે મોટો ઝઘડો થયેલો, મારા મમ્મીએ પાવડાનો હાથો મારવા જતાં મારા પપ્પાને ખભા ઉપર વાઘેલો, આ બાબતે મારા પિતાજીએ કોઈ સારવાર લીધેલ હોય કે આ બાબતે કોઈ અરજી આપેલ હોય તેવું બનેલ નથી, આ પહેલાં મારા મમ્મીએ મારા પિતાજીના વિરૂધ્ધ ભિલોડા પો.સ્ટેમાં ફરીયાદ આપેલ, મને તારીખ યાદ નથી, આ અરજીની ઝેરોક્ષ મેળવી તેની વધુ પ્રમાણમાં ઝેરોક્ષ કરાવી બધા સગાસંબંધી ઓને વહેંચેલી, આ અરજી આપ્યા બાદ અમારા પિતાએ અમારી મમ્મીને જાન થી મારી નાંખવાની ધમકીઓ આપેલી, મારા પિતાએ નોકરી દરમિયાન મારા મમ્મીના ચારીત્ર અંગે કોઈ ફરીયાદ આપેલી હોય તેવું બનેલ નથી, મારા પિતાએ મારા મમ્મીને તેડી જવા માટે કોઈ અરજી કરેલ હોય તેવું બનેલ છે, **સાહેદ જણાવે છે કે, ફેમિલી કોર્ટમાં દાખલ કરેલ છે. વધુમાં સાહેદ સ્વીકારેલ છે કે,** મારા પિતાએ કયારે પણ મારી માતાની સારસંભાળ લીધેલ હોય અને તેમની સાથે સામાજિક પ્રસંગમાં હાજરી આપી હોય અને દવાદારૂ કરાવેલ હોય તેવું બનેલ નથી. આમ, બન્ને સાહેદોની વિસ્તૃત ઉલટ તપાસ ધ્યાને લેતા, સામાવાળા તરફે અરજદારના ચારિત્ર બાતે કરેલ આક્ષેપો અંગે ની કોઈ હકીકત સામાવાળા પુરવાર કરી શકેલ નથી. વધુમાં સામાવાળા તેઓની ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, રાજેન્દ્ર આર. જાડેજાના કોઈ ઓળખનો પુરાવો આ કામે રજુ કરેલ

નથી, રાજેન્દ્રસિંહ આર જાડેજા સાથે અનૈતિક સંબંધ ધરાવતા હોય તે બાબતેની ફરીયાદ મેં કરેલી હોય તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલો નથી, આ કામના અરજદારને અમોએ રાજેન્દ્રસિંહ સાથે કંઢગી હાલતમાં અમોએ નજરો નજર જોયેલ નથી, મે સમખિયારી મકાન ભાડે રાખેલુ અને અમો પતિ–પત્નિ ત્યાં સાથે રહેતા હતા, અરજદારે તા.૨૪/૧૧/૨૦૨૩ નારોજ ભિલોડા પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી, આ અરજી આપ્યા બાદ હું બીજા દિવસે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગયેલો, આ અરજીનો કોપી અમોએ મેળવેલી, આ અરજીની અમોએ પાંચ ઝેરોક્ષ કરાવેલી. આમ સમગ્ર હકીકત ધ્યાને લેતા, સામાવાળા દ્બારા અરજદાર પર શંકા કુશંકા કરતા હોવાનું અને કોઈ ઠસો પુરાવા વગર અરજદારના ચારિત્ર બાબતે આક્ષેપો કરેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે. વધુમાં, સામાવાળા સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે, અરજદારને લગ્ન સમયે આપેલ કરિયાવર નો સામાન હાલ તેઓની કસ્ટડીમાં રહેલ છે પરંતુ, અહી નોધવું જરરી છે કે, અરજદાર દ્બારા કરિયાવરના સામાન અંગે કોઈ ઠોસ હકીકત લીસ્ટ કે પુરાવા રજુ કરલે નથી કે, તેઓના સર તપાસના સોગંદનામામાં તે જણાવેલ નથી. de lykks Yejlr/ hgjebe dfOfv/cvr knc - 106 bx;eCs nsle ls vr;s cgpy :s. "**Sec**. 106. **Burden of proving fact especially within knowledge**.— **When any fact is especially within the knowledge o any person, the burden of proving that fact is upon him**. " આમ સમગ્ર હકીકત ધ્યાને લેતા, સામાવાળા દ્બારા ૩૦ વર્ષ ઉપરાંતનું અરજદાર સાથે લગ્ન જીવન હોવા છતાં અને તેઓ પર શંકા કુશંકા અને વહેમ રાખી કોઈ ત્રાહિત વ્યક્તિ અંગે પૂરી માહિતી મેળવ્યા સીવ્યા અને કોઈ ઠોસ પુરાવા વગર ચારિત્ર બાબતે શંકા કુશંકા કરી વહેમ રાખી મેહણા ટોણા મારી અને અરજદારના પરિવારમાં અરજદારના ચરિત્ર બાબતે ખોટી વાતો કરી તેઓનો ત્યાગ કરી માનસિક અને શારીરિક ત્રાસ ગુજરેલ હોવાની હકીકત અરજદાર તરફે સામાવાળા વિરુદ્ધ પુરવાર થયેલ છે. વધુમાં, આ તબ્બકે, Yejlr/ hgjebe dfOfv/cvr knc - 106 cgpy mecebeNevr dxil peCcex ua/ lsbr ukrkl hgjbej kjbevr pbeyoejr mecebeNevr jusnr :s. જેથી અરજદાર સાથે સામાવાળા નં. ૧ અને ૨ દ્બારા કલમ – ૩ હેઠળ ઘરેલું હિંસા આચરેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે. જેથી મુદા નં. ૧, જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે. જયારે અરજદાર તેઓની અરજીમાં સર તપાસના સોગંદનામામાં તથા ઉલટ તપાસમાં સ્પસ્ટ પણે જણાવેલ છે કે, તેઓ સરકારી

કર્મચારી તરીકે નિવૃત થયેલ છે અને, તેઓને પેન્શન પણ મળે છે અને તેઓએ નિવૃત્તિ બાદ ભિલોડા મુકામે મકાન પણ લીધેલ છે અને, તેઓએ હાલની અરજી સામાવાળા પાસેથી છુટા છેડા મેળવવા હેતુ થી કરેલ છે અને તેઓને સામાવાળા તેડી જવા તૈયાર હોઈ અને તેઓના દીકરા સાથે રહેવા તૈયાર હોઈ તો પણે તેઓ સાથે રહેવા જવા તૈયાર નથી આ સંજોગો અને બન્ને સામાવાળા દ્વારા અરજદાર પર કરેલ આક્ષેપો અને ગુજરેલ ત્રાસ ને ધ્યાને લેતા અરજદાર ને સામાવાળા થી અલગ રહેવા માટે પુરતું કારણ રહેલ હોઈ, વધુમાં, અરજદાર ને કોઈ આર્થિક મદદ કે, રહેઠાણ અંગે કોઈ હુકમ મેળવવા ની અને મજુર કરવા પાત્ર દાદ હોવાનું જરૂરીયાત હાલના તબ્બકે હાલની અરજીમાં જણાતી નથી કારણ કે, અરજદાર પોતે નિવૃત્ત સરકારી કર્મચારી છે અને, તેઓ પોતે હેલ્થ વિભાગમાંથી નીવુત્ત થયેલ છે અને, તેઓને પેન્શન મળે છે અને, તેઓ પોતાના ઘરમાં હાલ રહે છે અને તેઓની કોઈ આથિક કે સામાજિક નિર્ભરતા સામાવાળા પર રહેલ હોવાનું જણાતું નથી જેથી, જયારે તથા ૨ નો જવાબ અંશ:હકારમાં ઠરાવવામાં આવે છે.

## :: હુકમ ::

**(૧) અરજદારની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે.**

**(૨) સદર કામે સામાવાળાને ઘરેલું હિંસાખોરિથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમ – ૧૮ અન્વયે એવો હુકમ ફરમાવવામાં આવે હે કે, અરજદાર ઉપર જાતે, પોતે કે તેમના કોઈ પણ માણસો માફતે શારીરિક કે માનસિક હુકલો ત્રાસ ભર્યું વર્તન કરવું નથી અને અરજદારના ચારિત્ર બાબતે કોઈ ભવિષ્યમાં પ્રશ્નો ઉપસ્થિત કરવા નથી કે શંકા કુશંકા કરવી નહી કે, કોઈ આક્ષેપો કરવા નહી કે અરજદારની બદનામી થયા તેવા કોઈ જાહેરમાં કે ખાનગીમાં કોઈ શાબ્દિક કે લેખિત કોઈ પણ પ્રકારે કુત્ર્ય કરવું નહી અને કોઈ શારીરિક કે માનસિક ત્રાસ ગુજારવો નહી.**

**(૩) સામાવાળા પાસે રહેલ અરજદારનું સ્ત્રી ધન કે કરિયાવરની ચીજ વસ્તુ અરજદાર ને હુકમ થયાથી દિન – ૧૫ માં પરત સોપી આપવાનો હુકમ કરવામાં આવે છે.**

(૪) સામાવાળા દ્વારા અરજદાર પર આચરેલ ઘરેલું હિંસા અંગે ભવિષ્યમાં કોઈ ફરીથી હિંસા કરતા અટકે અને સારી ચાલ ચલગત અંગે સામાવાળા થકી ભવિષ્યમાં અરજદાર સાથે કોઈ હિંસા ભર્યું વર્તનના થાય તે હેતુ થી ભિલોડ પો.સ્ટે હુકમ ની જાણ કરતી અને અરજદાર ને ઘરેલું હિંસા થી રક્ષણ અધિનિયમ હેઠળ પૂરતી કાળજી અને રક્ષણ હેતુ પ્રોટેક્શન ઓફિસરશ્રી ને હુકમની જાણ યાદી થી કરવાનો અને ભવિષ્યમાં અરજદારને પૂરતી કાળજી અને સરક્ષણ પૂરું પાડવા હુકમ કરવામાં આવે છે.

(૫) સામાવાળા તથા તેઓના પુત્ર દ્વારા અરજદાર વિરુદ્ધ કરવામાં આવે ચારિત્ર બાબતેના આક્ષેપો થી અરજદારને થયેલ માનસિક યાતના ના વળતર પેટે પિતા પુત્ર બન્ને પાસેથી રૂ. ૨૫,૦૦૦/- લેખે કુલ્લ રૂ.૫૦,૦૦૦/- વળતર પેટે અરજદાર ને દિન ૩૦ માં ચૂકવી આપવા કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત, હુક્મ આજરોજ તા.૧૨મી, જાન્યુઆરી, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬. (એ.એ.દવે)
સ્થળ : ભિલોડા. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
તા. ભિલોડા. જીલ્લો - અરવલ્લી.
**GJ** - ૦૧૪૪૨

ટાઈપ કરનાર : એ. જે. તીરવાલા (સ્ટેનોગ્રાફર)